ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં દારૂબંધીના નિયમો હળવા કરવાની હિલચાલ

વાયબ્રન્ટ સમિટ દરમ્યાન નિર્ણય લેવાય તેવી સંભાવના, વિદેશી કંપનીઓ આવતી હોવાથી આ છૂટ આપવામાં આવી શકે છે

ગાંધીનગર, તા. ૮

ગુજરાતમાં સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન અને અનેક હોટલોમાં રાજ્ય બહારના મહેમાનો માટે દારૂબંધી હળવી કર્યા બાદ હવે ગાંધીનગર સ્થિત ગુજરાત ઈન્ટરનેશનલ ફાયનાન્સ ટેક (ગિફ્ટ) સિટીમાં દારૂબંધી હળવી કરવાની હિલચાલ ચાલી રહી છે.

આ સિટીમાં રાષ્ટ્રીય અને આતરરાષ્ટ્રીય ફાયનાન્સિયલ કંપનીઓ મોટા પ્રમાણમાં આવી રહી છે ત્યારે રાજ્ય બહારના કર્મચારીઓ તેમજ મહેમાનો માટે દારૂબંધી હળવી કરવામા આવે તે અંગે વાયબ્રન્ટ સમિટ દરમ્યાન નિર્ણય લેવાય તેવી સંભાવના છે.

એક ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે દારૂબંધી હળવી કરવાનો હેતું ગિફ્ટ સિટીમાં "ઈવનિંગ સોશિયલ લાઈફ" માટેનું વાતાવરણ ઉભું કરવાનો છે. ભારત અને વિદેશમાં અન્ય ફાઈનાન્સ અને ટેક્નોલોજી હબ્સમાં પ્રોફેશનલ્સ તેમનાં કામનાં કલાકો બાદ સાંજની જિંદગી માણતાં હોય છે. કેન્દ્ર સરકાર ગિફ્ટ સિટીની કલ્પના ગ્લોબલ ફિનટેક વર્લ્ડના ગેટવે તરીકે કરે છે અને દેશનું પ્રથમ ઈન્ટરનેશનલ ફાયનાન્સિયલ સર્વિસિસ સેન્ટર પણ અહીં સ્થાપવામાં આવ્યું છે.ત્યારે દારૂબંધી હળવી કરવાનું પણ દબાણ છે.

૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ, ગિફ્ટ મેનેજમેન્ટે ગિફ્ટ સિટીના સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (જીઈઢ) વિસ્તારમાં દારૂના કાયદામાં છૂટછાટ આપવા માટે પ્રોહિબિશન એન્ડ એકસાઈઝના સુપ્રિટેન્ડન્ટને પત્ર લખ્યો હતો. ગુજરાત પ્રોહિબિશન એક્ટ, ૧૯૪૯ની કલમ ૧૩૯ (૧) (ષ), ૧૪૬ (ઞ), અને ૧૪૭ હેઠળ આ છૂટછાટની માંગણી કરવામાં આવી છે.

૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ મુખ્ય સચિવે શહેરી વિકાસ વિભાગનાં એડિશનલ ચીફ સેક્રેટરીને પત્ર લખીને ગિફ્ટ સિટી અને તેના પેરિફેરલ વિસ્તારો વિકસાવવા માટે રોડમેપ તૈયાર કર્યો હોવાનું જાણવા મળ્યું છે. મુખ્ય સચિવના પત્રમાં રસ્તાઓને મજબૂત કરવા, રિવરફ્રન્ટને ગાંધીનગર સુધી લંબાવવા અને દારૂના કાયદામાં છૂટછાટ આપવા ઉપરાંત ફિનટેક ઈન્સ્ટિટ્યૂટ સ્થાપવાનો સમાવેશ થાય છે.

આ વર્ષે ઓગસ્ટમાં ગુજરાત હાઈકોર્ટે લગભગ અડધો ડઝન અરજીઓ પર સુનાવણી કરવાનો નિર્ણય લીધો હતો જેમાં ઘરમાં દારૂ પીવાની મંજુરી આપવા રજુઆત કરવામાં આવી હતી. રાજ્ય સરકારના વિરોધ છતાં હાઈકોર્ટે અરજીઓને ટકી શકે તેવી ગણાવી હતી. ૨૦૧૯માં દાખલ કરવામાં આવેલી અરજીમાં દારૂબંધીની કેટલીક જોગવાઈઓ પર સવાલ ઉઠાવવામાં આવ્યા હતા અરજદારોએ તાજેતરમાં પ્રાઈવેસીનાં અધિકારને ટાંકીને ખાનગી સ્થળોએ દારૂ પીવાની પરવાનગી આપવા માગણી કરી હતી. અરજદારોએ એવી પણ રજુઆત કરી હતી કે સરકાર ગુજરાતની મુલાકાતે આવતાં બહારના લોકો અને સંરક્ષણ વિભાગના કર્મચારીઓને પીવાની મંજૂરી આપીને બેવડી નીતિ અપનાવી રહી છે. આ ઉપરાંત અરજદારોએ ધ્યાન દોર્યું હતું કે સરકાર આરોગ્યના આધારે શ્રીમંતોને પરમિટ આપે છે. તેમણે ગુજરાત પ્રતિબંધ અધિનિયમ હેઠળની સજાને પણ અયોગ્ય ગણીને પડકારી હતી.

ઉલ્લેખનીય છે કે હાલમાં, ગુજરાત બહારનાં લોકો રાજ્યમાં આવતાની સાથે જ દારૂની પરમિટ સરળતાથી મેળવી શકે છે. ગુજરાત સિવાયના રહેવાસીઓ માટે હોટલોમાં દારૂની પાર્ટીઓ પણ યોજી શકાય છે. ગુજરાત બહારથી આવતાં પ્રતિનિધિ મંડળો અને પરિવારો પરવાનગી સાથે દારૂ પાર્ટીનું આયોજન કરી શકે છે.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

સફાઈ રાખવાની છે સાહેબ...? વાઈબ્રન્ટ કરવાના લાગો છો નહીં...??

વૈષ્ણોદેવી બ્રિજ પાસે કાર-બાઈક વચ્ચે અકસ્માતમાં બે ને ઈજા

ગાંધીનગર, તા.૮

વૈષ્ણોદેવી નવિન બ્રિજ નજીક બાઈકની આગળ અચાનક કાર ચાલકે બ્રેક મારતા બાઈક પર સવાર યુવક અને તેની માતા નીચે પટકાયા હતા. બંન્ને ઈજાગ્રસ્તને તાત્કાલીક સારવાર માટે સોલા સિવિલ લઈ જવાયા હતા. જયા યુવકની માતાને શરીરે ફ્રેકચર હોવાનું નિદાન થયું હતું. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે કાર ચાલક સામે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ આદરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મહેસાણા જિલ્લાના જોરણંગ ગામે રહેતા વિજય ભાઈ મહેતા ગત તા.૧૯-૧૧-૨૧ ના રોજ બાઈક પર તેમના મમ્મીને બેસાડી રાણીપ જવા માટે સવારે સાડા દશ વાગ્યાના અરસામાં નીકળ્યા હતા. તે સમયે વૈષ્ણોદેવી બ્રિજ પર ચડતાની સાથે પાછળથી એક જી.જે.૦૯.ડી.એકસ-૬૩૨૮ ગાડીના ચાલકે તેની ગાડી પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી બાઈક આગળ લાવી અચાનક બ્રેક મારતા બાઈક કારના પાછળના ભાગે ટકરાયું હતું. આ બનાવમાં મા-દિકરો બંન્ને નીચે પડી ગયા હતા. યુવકને ડાબા હાથે તેમજ પગે ઈજા થઈ હતી. જયારે તેની માતાને શરીરે ઈજાઓ થઈ હતી. ત્યારપછી ૧૦૮ દ્વારા સોલા સિવિલ ઈજાગ્રસ્તને લઈને ગયા હતા. ત્યાંથી મહેસાણા ઓર્થોપેડીક હોસ્પિટલ લઈ જતા યુવકને ડાબા હાથની કોણી અને થાપાના ભાગે ફ્રેકચર થયુ હતું. જયારે યુવકની માતાને પણ જમણા હાથે ફ્રેકચર થયુ હતું. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

જિલ્લા પંચાયત સામે ચ માર્ગ પર કાર-બાઈક વચ્ચે અકસ્માત

ગાંધીનગર જિલ્લા પંચાયત સામે ચ માર્ગ પરથી જુના સચિવાયલ તરફ જવાના માર્ગ પર ટ્રાફિક સિગ્નલ પાસે જ આરોગ્ય વિભાગની ગાડી અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક પર સવાર ત્રણેય યુવકોને ઈજા પહોંચતા ૧૦૮ દ્વારા સારવાર માટે ખસેડાયા હતા. જયારે આ બનાવમાં કાર અને બાઈકને ભારે નુકશાન થયું હતું. અકસ્માતને પગલે માર્ગ પર થોડીવાર માટે ટ્રાફિકજામ થઈ ગયો હતો.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર સમાચારના વરિષ્ટ કર્મયોગી જયેશભાઈ પંચોલીના પિતાશ્રી કનૈયાલાલ પંચોલીનું આજે સવારે દુઃખદ અવસાન થયુ છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો આજે એક પણ કેસ નોંધાયો નથી.
- ગાંધીનગર જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષપદે આજે જિલ્લા જમીન તકેદારી સમિતિની મહત્વની બેઠક મળી હતી.
- જિલ્લા ભાજપાના પ્રમુખ અનિલ પટેલે આજે તેમનો જન્મ દિવસ ઉવારસદ ખાતે આવેલ દિવ્યાંગ પુનવર્સન કેન્દ્ર ખાતે ઉજવ્યો હતો.
- ગાંધીનગર જિલ્લા પંચાયત સામે જુના સચિવાલય તરફ જવાના માર્ગ પર આવેલા ટ્રાફિક સિગ્નલ વચ્ચે આજે માર્ગ-અકસ્માત થયો હતો.
- રાજ્ય સરકારે સનદી સેવામાં બઢતી પામેલા ૧૬ અધિકારીઓને તેમના સ્થાને જ જગ્યાઓ અપગ્રેડ કરી નિમણુંક આપતા હુકમો જારી કર્યા છે.
- ગાંધીનગર સિવિલ હોસ્પિટલના પીએનસી વોર્ડમાં નવજાત શિશુઓની માતાઓને યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટના ડૉ. યજ્ઞેશ ત્રિવેદી, ડૉ. હાર્દિક તલાટી, દિવ્યાંગ ત્રિવેદીએ શાલનું વિતરણ કર્યુ હતુ.
- રાજ્ય સરકારના પૂર્વ મુખ્ય સચિવ અનિલ મુકીને ગુજરાત ઈલેક્ટ્રીસીટી રેગ્યુલેટરી કમિશનના ચેરમેન પદે નિયુક્ત કરતા હુકમો કરાયા છે.
- શહેરમાં હજુ શિયાળો જામ્યો નથી પણ ઠંડીમાં બહાર નીકળવાનું ટાળી નગરજનો દ્વારા હવે ઓનલાઈન ખરીદી શરૂ કરી દીધી છે.

રીક્ષામાં મુસાફર તરીકે બેસાડી ચોરી કરનાર ટોળકીનો આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા.૮

મુસાફર તરીકે રીક્ષામાં બેસાડી ચોરી કરનાર ટોળકીના નાસતા ફરતા આરોપીને ઉવારસદ ચોકડી થી ઉવારસદ ગામ તરફ જતા માર્ગ પરથી તોહીદ ઉર્ફે તોફીક યાસીનભાઈ સિપાઈ એલસીબી-૨ એ પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી-૨ પીઆઈ જે.એચ.સિંધવના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એસ.પી.જાડેજા, અને પી.ડી.વાઘેલા સહિત સ્ટાફના જવાનો આ દિશામાં કાર્યરત હતા. તે દરમિયાન એએસઆઈ કિરીટકુમાર જેઠાભાઈ અને હે.કો.મહિપાલસિંહ પ્રવિણસિંહને સંયુકત બાતમી મળી હતી કે અડાલજ પોલીસ મથક વિસ્તારમાં મુસાફરોને રીક્ષામાં બેસાડી ચોરી કરનાર ટોળકીનો આરોપી તોહીદ ઉર્ફે તોફીક યાસીનભાઈ સિપાઈ (રહે.મલ્લી વાસ, ગોપાલ મંદિર પાસે, કડી જી.મહેસાણા) નાસતો ફરતો છે. હાલ આરોપી ઉવારસદ ચોકડી થી ઉવારસદ ગામ તરફ જવાના માર્ગ પર છે. જેથી એલસીબી-૨ એ તાત્કાલીક સ્થળ પર જઈને આરોપીને પકડી પાડી ગાંધીનગર કચેરી ખાતે લાવી કાયદેસરની કાર્યવાહી કરી અડાલજ પોલીસને સોંપવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે આરોપી તોફિક યાસીનભાઈ સિપાઈ અને તેના મિત્રો યાસીન અંસારી તથા મહોમદરાકીબ અને એક બેન ચારેય જણા યાસીનની રીક્ષામાં અડાલજ ત્રિમંદિર ખાતે થી એક બેનને મુસાફર તરીકે બેસાડી તે બેન પાસેની બેગમાંથી રૂ.૨૫ હજારની ચોરી કરી રીક્ષા લઈ ભાગી ગયા હતા. જે અંગે અડાલજ પોલીસ મથકે ગુનો નોંધાતા આરોપી ધરપકડ ટાળવા નાસતો ફરતો હોવાનું જણાવ્યું હતું.

પીડીઈયુના એડમિન બ્લોકમાંથી દુર્લભ "તામ્રપીઠ" સર્પ રેસ્ક્યુ કરાયો

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરને સર્પનું ઘર તરીકે પણ ઓળખવામાં આવે છે, કેમકે પાટનગરની ધરતી પર અનેકવિધ પ્રજાતિના સરિસૃપનો વસવાટ છે. જો કે ગાંધીનગરનો દિનપ્રતિદિન થઈ રહેલો વિકાસ આ સરિસૃપો માટે અનેકવાર માનવજીવન વચ્ચે આવી જવાની સ્થિતિ સર્જે છે. ન્યુ ગાંધીનગર વિસ્તારની પંડિત દિનદયાળ ઉપાધ્યાય એનર્જી યુનિવર્સિટીમાં મંગળવારે ઈ-બ્લોકમાં જાણે સોનાની જાડી ચેઈન પડી હોય તેવો એક અત્યંત નાનકડો સાપ જોવા મળ્યો હતો. જે તેને કેમ્પસના ફાયર એન્ડ સેફ્ટી ઈન્ચાર્જ આશુતોષ તિવારી દ્વારા રેસ્ક્યું કરવામાં આવ્યો હતો.

પીડીઈયુના એડમિન બ્લોકમાં જોવા મળેલો "તામ્રપીઠ" નામનો સાપ બિન ઝેરી છે તેવું જણાવતાં આશુતોષ તિવારીએ જણાવ્યું હતું કે તે આશરે ત્રણેક ફુટની લંબાઈનો હતો અને વિદ્યાર્થીઓએ તેને જોયાં બાદ સિક્યુરિટીને જાણ કરી હતી. આ પછી સિક્યુરિટીમાંથી તેમના પર કોલ આવતા તેઓ રેસ્ક્યુ કરવા પહોંચી ગયા હતા અને સાપને સલામત રીતે પકડીને તેમણે સાબરમતી નદીના કિનારે જંગલ વિસ્તારમાં છોડી દીધો હતો. આ રક્ષિત કરાયેલી પ્રજાતિનો સાપ છે જે જવલ્લે જોવા મળે છે અને જાણે સોનાની જાડી ચેઈન પડી હોય તેવો દેખાવ છે તેથી ઘણીવાર કોઈ માનવી ભૂલથી ઉપાડી પણ લે છે, જો કે તે બિનઝેરી હોવાથી કોઈ જોખમ નથી હોતુ પરંતુ તેનું રક્ષણ થાય તે પ્રકૃતિ માટે ખૂબ જરૂરી છે.

યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સિવિલના પીએનસી વોર્ડમાં શાલનું વિતરણ

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના પીએનસી વોર્ડમાં નવજાત શિશુના માતાઓને શાલનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ ડો.યજ્ઞેશ ત્રિવેદી, ઉપ પ્રમુખ ડો.હાર્દિક તલાટી, સમાજીક કાર્યકર્તા દેવ્યાંગ ત્રિવેદી સહિત ટ્રસ્ટના સભ્યો હાજર રહ્યા હતા.

અમદાવાદ એરપોર્ટ પર તંત્ર સજ્જ

પ્રવાસીઓ અમદાવાદ એરપોર્ટ પર રિપોર્ટ થયા બાદ ચાર અને આઠ દિવસે ફરી ટેસ્ટ કરવામાં આવશે

અમદાવાદ, તા.૮

ઓમિક્રોન અંગે અમદાવાદ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા અગાઉથી જ તકેદારી રાખવામાં આવી રહી છે. અમદાવાદ જિલ્લા આરોગ્ય અધિકારી ડોકટર શૈલેષ પરમારે વાત કરતા જણાવ્યું હતું કે, છેલ્લા એક સપ્તાહમાં અમદાવાદ ગ્રામ્યમાં ૫૦ પ્રવાસીઓ વિદેશથી આવ્યા છે.જેમાં ૩ પ્રવાસીઓ હાઈરિસ્ક દેશમાંથી આવ્યા છે.જ્યારે ૪૭ પ્રવાસીઓ લોરીસ્ક દેશમાંથી આવ્યા છે.તમામ પ્રવાસીઓ હોમ કોરોન્ટાઇ રાખવામાં આવ્યા છે.૧૪ દિવસ કોરોન્ટાઈ રહેવાનું રહશે.જેમાં ૭ દિવસ હોમ કોરોન્ટાઈ ત્યાર બાદના ૭ દિવસ સેલ્ફ કોરોન્ટાઇ રહેવાનું રહેશે. પ્રવાસીઓ અમદાવાદ એરપોર્ટ પર રિપોર્ટ થયા બાદ ૪ દિવસે અને ૮ દિવસે ફરી ટેસ્ટ કરવામાં આવશે.નિયમોનો ભંગ કરશે તો એપેડમિક એક્ટ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.પોલીસનો પણ સહયોગ લેવામાં આવ્યો છે. અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર છેલ્લા એક સપ્તાહમાં ૯૮૦૦ પ્રવાસીઓ વિદેશથી આવ્યા છે.જેમાં હાઈરીસ્ક દેશમાંથી આવેલા તમામ પ્રવાસીઓનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે.

અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર આવતા પ્રવાસીઓના થર્મલ સ્કેનિગ કરવામાં આવે છે. તેમજ સેલ્ફ ડિકલેરેશ ફોર્મ ભરવાનું રહેશે.તેમજ પ્રવાસ પહેલા કરાવેલ આરટી પીસીઆર બતાવવાનો રહેશે.તેમજ વેકસીનની વિગત ચકાસવામાં આવે છે.હાઈરિસ્ક દેશમાંથી આવ્યા છે તો તમામનો **rtpcr** કરવામાં આવશે.

ચેતક ફિટનેસ એકેડેમી દ્વારા ફીટનેસ ચેલેન્જનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોર્પોરેટર સોનાલીબેન ઉરેનકુમાર પટેલ ઉપસ્થિત રહ્યા હતા. બાળકમાં ફીટનેસનું મહત્વ વધે તે માટે યોજાયેલા આ કાર્યક્રમમાં બાળકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

ગેલેકસી એફએકસ ટ્રેડીંગમાં રોકાણ કરાવી ઠગબાજોએ નિવૃત ઈજનેરનું ૮૦.૮૫ લાખનું ફુલેકું ફેરવ્યું

નિવૃત ઈજનેરનો વિશ્વાસ સંપાદન માટે અન્ય ગ્રાહકોના ખાતાની નફો થયાની વિગતો મોકલતા હતા

ગાંધીનગર, તા.૮

પાટનગરના સેકટર-૨૬ ખાતે રહેતા નિવૃત ઈજનેરને એફએકસ ટ્રેડીંગમાં રોકાણ કરાવી ઠગબાજોએ રૂ.૮૦.૮૫ લાખનું ફુલેકુ ફેરવ્યું છે. સચિવાલય સિંચાઈ વિભાગના નિવૃત ઈજનેર છેતરપિંડીનો ભોગ બન્યા છે. એક વર્ષથી વોટસએપ થી શરુ થયેલ સિલસિલો વેબસાઈટ બંધ થઈ જવા સુધી ચાલુ રહ્યો હતો. ત્યારબાદ ઠગબાજોએ છેતરી લીધા હોવાની જાણ થતા ઈજનેરે સાયબર ક્રાઈમમાં ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૬ કિસાનનગર ખાતે રહેતા સુભાષભાઈ અંબાલાલ પટેલ વર્ષ ૨૦૧૫ માં સિંચાઈ વિભાગમાંથી અધિક મદદનીશ ઈજનેર તરીકે નિવૃત થયા હતા. જયારે વર્ષ૦૨૦૨૦માં નિવૃત ઈજનેર સુભાષભાઈના મોબાઈલ ફોન પર વોટ્સએપ મેસેજ આવ્યો હતો.જેમાં ગેલેકસી એફએકસ ટ્રેડ નામથી ટ્રેડીંગ કરવા માટેનો ઉલ્લેખ કરીને એક લીંક મોકલી હતી.આ લીંક જોયા બાદ તેમના મોબાઈલ પર ફોન પર સંજય પટેલે આ કંપનીમાંથી ટ્રેડીંગ કરવાથી સારો નફો થશે તેમ જણાવ્યું હતું. ગેલેકસી એફએકસ ટ્રેડ તરીકે ગેલેકસી એન્ટરપ્રાઈઝ ટ્રેડીંગને ઈન્ટરનેશનલ લાયસન્સ અને મહારાષ્ટ્ર સરકારનું રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ વોટસએપ પર મોકલી આપ્યું હતું. સંજય પટેલની સાથે આશિષ જૈન કંપનીના સિનિયર અધિકારી તરીકે ટ્રેડીંગ કરાવવા માટે અનેકવાર સંપર્ક કર્યો હતો. ઈજનેરનો વિશ્વાસ સંપાદન કરવા માટે ઠગબાજોએ બીજા કેટલાક ગ્રાહકોના ખાતાની નફો થયાની વિગતો પણ મોકલી આપી હતી. જેથી સુભાષભાઈએ જરુરી દસ્તાવેજો મોકલી આપતા તેમના નામનું ટ્રેડીંગ ખાતુ પણ ખુલી ગયુ હતું. જો કે સંજય પટેલે ટ્રેડીંગ શરુ કરવા માટે રૂ.૩ હજાર ડોલર જમા કરાવવા પડશે તેમ કહેતા સુભાષભાઈએ રૂ.૨,૨૩,૫૮૭ રોઝો પે એસએફટી પ્રાઈવેટ લિમિટેડના ખાતામાં ટ્રાન્સફર કરી દીધા હતા. જેમાં સમય જતા નફો થતા સુભાષભાઈ તબકકાવાર ટ્રેડીંગ કરીને ઈન્વેસ્ટ કરવા લાગ્યા હતા. ત્યારબાદ સંજય પટેલ ફોન કરીને કહેતા હતા કે મહિલાના નામે ટ્રેડીંગ કરશો તો વધુ નફો મળશે. જેથી નિવૃત ઈજનેર પત્નીના એકાઉન્ટ ખોલાવી સુભાષભાઈએ તા.૩-૧૧-૨૦ થી ૩૧-૧૧-૨૦ સુધીમાં રૂ.૧૩ લાખ સંજય પટેલના કહેવાથી પરફેકટ એન્ટરપ્રાઈઝના એકાઉન્ટમાં ટ્રાન્સફર કર્યા હતા. પોતાના ટ્રેડીંગ આઈડી પર નફો થતો હોવાનું દેખાતા ઈજનેરે રકમ ઉપાડવા માટે પ્રકિયા હાથ ધરી હતી. પરંતુ કોઈ કારણસર રૂપીયા ઉપડયા ન હતા. પરંતુ તે સમયે સંજય પટેલે ૧૦૦ ડોલર ટ્રાન્સફર કર્યાનો સ્ક્રીન શોટ મોકલી આપ્યો હતો. ત્યારબાદ ઠગબાજોએ નિવૃત ઈજનેર પાસેથી વધુ રૂપીયા ખંખેરવા માટે ફોન કરી એક કરોડની વિમા પોલીસી મહિલાને કંપની દ્વારા આપવામાં આવી છે અને તેનું પ્રિમિયમ પણ કંપની ભરશે તેવી લાલચ આપી હતી. જયારે ભેજાબાજ ઠગોએ સુભાષભાઈને એસબીઆઈ લાઈફ ઈન્સ્યોરન્સ દ્વારા તમારી પોલીસી નકારી દેવાઈ છે.પરંતુ કંપની ૧૨ વર્ષ સુધી તેમને રૂ.૧ લાખ આપશે. તેમ કહીને તેમના એકાઉન્ટમાં રૂ.૧.૨૫ લાખનો ચેક જમા કરાવ્યો હતો. જયારે સુભાષભાઈએ ટ્રેડીંગ બંધ કરવાનો નિર્ણય કરતા સંજય પટેલ અને આશિષ જૈન દ્વારા ટ્રેડીંગ એકાઉન્ટ બંધ કરવા માટે ૫૦ ટકા રકમ ભરવા માટે કહ્યું હતું. જેથી રૂ.૧૯ લાખ સુભાષભાઈએ ટ્રાન્સફર કર્યા હતા.પરંતુ પત્નીના એકાઉન્ટનું ટ્રેડીંગ શરુ રાખ્યું હતું. પરંતુ કેટલાક સમય બાદ પર ટ્રેડીંગના પૈસા નહી મળતા નિવૃત ઈજનેર વેબસાઈટ ચેક કરતા વેબ સાઈટ જ બંધ થઈ ગઈ હતી. પોતે છેતરાયાનો અહેસાસ થયો ત્યાં સુધીમાં નિવૃત ઈજનેર દ્વારા વિવિધ સમયાંતરે રૂ.૮૦.૮૫ લાખનું રોકાણ કરી દીધુ હતું. આખરે સંજય પટેલ અને આશિષ જૈન સામે સુભાષભાઈ પટેલે સાયબર ક્રાઈમમાં ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.